# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૮   અંક : ૨૨૫

પ્રમુખ

**મણીકાંત મેઘજી મોમાયા**

મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી

**પંકજ હીરજી સાવલા**

મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા

**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક

**રમેશ મણીલાલ શાહ**

ફોન. ૨૪૭૫ ૧૮૭૫,

મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઈડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

email : hydkmm@gmail.com

Web : www.kutchibhavanhyd.org

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

૨૬ ફેબ્રુઆરીના શાંતિ પ્રાયમરી સ્કૂલના વાર્ષિક દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમને યાદગાર બનાવવા બાળકો તથા શિક્ષિકાઓની મહેનત ખૂબજ દાદ માગી લે તેવી રહી. સૌને અભિનંદન તથા સંચાલકશ્રી અને પ્રિન્સીપાલને ખાસ અભિનંદન.

આપણા મંડળ દ્વારા સંચાલિત શાંતિ પ્રાયમરી સ્કૂલનો ઉદેશ્ય એજ છે કે બાળકોને ભણતરની સાથે ગણતરથી પણ સુસજ્જ કરવામાં આવે. આજ બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી જીવનમાં આવતી પોતાની મુશ્કેલીઓનો સામનો પોતેજ બહાદુરીપૂર્વક કરી શકે. ઉદ્‌ભવનાર જટીલ પ્રશ્નોનું નિરાકરણ પણ સ્વયં કરી શકે, સાથે સાથે પોતાના કુટુંબનું જીવનધોરણ ઉંચું લાવે. તેમજ સમાજ તથા રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજોને નિભાવવામાં સફળ રહે.

***"મંઝીલ ઉન્હીકો મિલતી હૈ, જીનકે સપનોં મેં જાન હોતી હૈ,***

***પંખો સે કુછ નહિં હોતા, હોસલોં સે ઉડાન હોતી હૈ"***

આપણે હોંસલા એવા બુલંદ બનાવીએ કે શાળાના શિક્ષણથીજ શિક્ષિતોમાં સંસ્કારના પાયા મજબૂત બને. શિક્ષણથી ફક્ત જ્ઞાન વધે એટલુંજ પૂરતું નથી પણ સાથે સાથે પ્રમાણિકતા, સહનશીલતા, નમ્રતા, સાહસિકતા, વિનય અને વિવેક રૂપી સંસ્કારો બાળકના જીવનમાં વણાઈ જાય એ ખૂબજ જરૂરી છે.

૮ માર્ચનો દિવસ 'વર્લ્ડ વૂમન્સ ડે' તરીકે ઉજવાય છે. એના અનુલક્ષમાં મહિલા સમિતિ દ્વારા મ્યુઝીક-મેજીક-મેમરીસ કાર્યક્રમનું આયોજન કચ્છી ભવનમાં કરવામાં આવેલ છે. સંગીતના સથવારે થનાર આ યાદગાર કાર્યક્રમને માણવાનું ચૂકશો નહિ.

મંડળની વિવિધ પ્રવૃત્તિઓ ખૂબજ સારી રીતે ચાલી રહી છે. દરેક સમિતિના સંચાલકો કાર્યરત રહી પોતાનો અમૂલ્ય સમય સમાજના હિતમાં આપી રહ્યા છે જે ખરેખર અભિનંદનીય છે.

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો

**www.kutchibhavanhyd.org**

**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

વર્ષો જુના 'તેલંગાના' પ્રાંતના સળગતા પ્રશ્નનું આખરે નિરાકરણ આવેલ છે અને ભારતના ૨૯માં સ્ટેટનું જન્મ થયેલ છે. આંધ્ર પ્રદેશમાં અને ખાસ કરીને હૈદ્રાબાદમાં, વર્ષોથી જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયેલ, ધંધા સારા ન થતા. હવે પ્રજાની માંગ સંતોષાતા, આશા છે કે જન જીવન થાળે પડશે અને ઈન્ડસ્ટ્રીઝ અને વ્યાપારીઓના કામ નોરમલ થઈ જશે.

દેશભરમાં આજે પાણીની સમસ્યા અતી વિકટ બનતી જાય છે. જે રીતે આપણા દેશમાં વસ્તી વધારો થઈ રહ્યો છે તે જોતાં પાણીનો પુરવઠો પણ તે પ્રમાણમાં વધવો જોઈએ પણ કમનશીબે મળી શકે તેટલા પાણીના પુરવઠાથી આપણો વપરાશ કઈ ઘણો વધારે છે. આપણે બધા એવા ભ્રમમાં છીએ કે કુદરત પાસે પાણીનો ભંડાર અમર્યાદિત છે અને તે સમજીને આપણે પાણી વાપરીએ છીએ-એમ કહીએ કે વેડફીએ છીએ. નીચેની વિગતથી આપણે જાણી શકશું કે દૈનિક આપણો પાણીનો વપરાશ કેટલા પ્રમાણમાં છે.

ટોયલેટમાં એક ફલસ કરતા - ૧૦/૧૫ લીટર
બકેટમાં પાણી ભરી સ્નાન કરતા - ૨૦ /૪૦ લીટર
શોવર બાથ લેતા ઓછામાં ઓછા - ૧૦૦/૧૫૦ લીટર
વોશિંગ મશિનમાં એક વાર કપડા ધોતા - ૬૦/૧૨૦ લીટર
કાર/સ્કુટર ધોવા માટે, ગાર્ડનમાં પાણી નાખવા માટે કેટલા પાણીની જરૂરત પડે એ તમે અંદાઝ કરો.

અંગ્રેજીમાં બહુ જુની કવિતારૂપી એક વાર્તા છે – Ancient Mariner. અગાઉ વહાણોમાં શઢ ચડાવવામાં આવતા જેમાં હવા ભરાતી અને વહાણો આગળ વધતા. વાર્તા મુજબ એક દિવસ એવું બને છે કે દરિયા ઉપર હવા અચાનક બંધ થઈ જાય છે અને મધ્ય દરિયે વહાણ અટકી પડે છે. ઘણા દિવસો થઈ ગયા, પાણી ખુટી પડયું, ખલાસીઓ પાણી માટે વલખા મારવા લાગ્યા. વહાણની નોંધપોથીમાં કપ્તાને પરિસ્થિતિની નોંધ લેતા લખેલ – Water water everywhere, but not a drop to drink - બધે પાણી પાણી છે પણ પીવા માટે એક ટીપુ પણ નથી. આપણે પણ એવીજ પરિસ્થિતિ તરફ ઝડપથી ધકેલાઈ રહ્યા છીએ.

જૈન ધર્મમાં પાણી જતનથી વાપરવા માટેનો આગ્રહ છે. જૈન સાધુ-સાધ્વીજીઓ પાણીનો વપરાશ બહુજ કરકસરથી કરે છે તેછતાં તેઓ સ્વચ્છ રહે છે. કુદરતી સંપત્તિનો ઉપયોગ વિવેક પુર્વક કરવો તે આજના સમયની માંગ છે અને તેમ નહીં કરતા ભવિષ્યની પેઢી માટે વારસામાં આપણે શું મુકી જઈ શકશું તે એક સવાલ છે.

**વિશેષ જાણકારી :** સંડે ટાઈમ્સ ઓફ ઈન્ડીયા, મુંબઈના સમાચાર મુજબ In City of Mumbai 85% eyes and 95% skin are donated by Gujaratis, Jains".



FOR ALL YOUR COMPUTER WORK
- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)



# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

રંગોનો તહેવાર રંગપંચમી નિમિત્તે સૌને શુભકામનાઓ. ઘણા સમયથી ચાલતી અલગ રાજ્યની માગણી પૂર્ણ થયેલ છે અને નવો રાષ્ટ્ર તેલંગાના ૨૯મો સ્ટેટનો દર્જો પામેલ છે. નવા રાજ્યની પ્રગતિ સાથે આપણા સમાજની પ્રગતિ અને ઉન્નતીની મંગલકામના.

સમયની સાથે નવા પ્રોજેક્ટો, નવા વિચારો, શૈક્ષણીક મેડીકલ અને બીજા ક્ષેત્રો માટે કરવા જરૂરી છે. એક એવી પંચવર્ષિય યોજના આપણે બનાવીએ જેથી દરેક ક્ષેત્રમાં આપણો સમાજ અગ્રેસર રહે, દરેક મેમ્બર પરિવાર આ યોજનાઓનો લાભ લે. ટુંકમાં વીઝન-૨૦૨૦ માટે આપણે અત્યારથીજ વિચારીએ.

આ માસ દરમ્યાન શાંતિ પ્રાયમરી સ્કુલ દ્વારા વાર્ષિક દિવસની ઉજવણી કચ્છી ભવન મધ્યે ખુબજ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવી.

માનવ મિત્ર સમિતિ દ્વારા એક કાર્યક્રમનું આયોજન ડોન બોસ્કો સ્ટ્રીટ ચીલ્ડ્રન, રામંતાપૂર મધ્યે કરવામાં આવેલ.

મહિલા સમિતિ દ્વારા વુમન્સ-ડે નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન તા. ૮-૩-૨૦૧૪ના દિવસે કરવામાં આવશે.

આપણી પોતાની લાયબ્રેરી હોવી જોઈએ એવા વિચાર અને એના માટેની તૈયારી માટે પ્રસ્તાવ આવેલ છે અને આ પ્રસ્તાવ વિચારાધીન છે.

કારોબારી સમિતિની એક સભા તા.૪-૩-૨૦૧૪ના દિવસે યોજવામાં આવેલ હતી.

ગેસ્ટ હાઉસના રૂમોમાં ત્રણ સેફ્ટી લોકર ફીટ કરવામાં આવેલ છે અને હાલ પાંચ રૂમોમાં સેફ્ટી લોકરની વ્યવસ્થા થઈ ગયેલ છે.

ટુંક સમયમાં દવાખાના અને ઓફીસના વિસ્તરીકરણનું કાર્ય પુર્ણ થશે.

ભવન બુકીંગ લગ્નસરા સીઝન હોવાથી નોંધનીય છે. અને ઈતર સમાજ પણ આપણા ભવનનું લાભ લે છે.

ભવન મેન્ટેનન્સનું કાર્ય વ્યવસ્થિત રીતે ચાલુ છે ગ્રીન રૂમો મધ્યે ફરનીચરનું કાર્ય ટુંક સમયમાં કરાવવામાં આવશે.

**આ માસ દરમ્યાન નીચે મુજબના અનુદાનો પ્રાપ્ત થયેલ છે. દરેક દાતા પરિવારનો આભાર.**

**૧. શ્રી નીરંજન રતિલાલ ચાવડાની સુપુત્રીના લગ્ન નિમિત્તે એક સેફ્ટી લોકર પ્રાપ્ત થયેલ છે.**

**૨. શ્રી મણીલાલ વિરજી સાવલાના સુપુત્રના લગ્ન નિમિત્તે એક સેફ્ટી લોકર પ્રાપ્ત થયેલ છે.**

**૩. શ્રી વિનોદ હીરજી નાગડાના સુપુત્રના લગ્ન નિમિત્તે એક સેફ્ટી લોકર પ્રાપ્ત થયેલ છે.**

**૪. શ્રી ગોપાલ પ્રેમજી ચાવડાની સુપુત્રીના લગ્ન નિમિત્તે રૂા. ૧૦૦૧/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.**

**ફરી એકવાર સર્વે દાતા પરિવારોનો આભાર.**

# શ્રી ભલારા દાદાનું પાઠ તથા પ્રસાદી

સહર્ષ જણાવવાનું કે પ્રતીવર્ષ અનુસાર મંગળવાર તા.૧૫-૪-૨૦૧૪ ચૈત્રી પૂનમના દિવસે સાંજના ગૌધૂલી વેળાએ સમુહ પાઠ તથા પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષના પાઠ તથા પ્રસાદીના લાભાર્થી **માતુશ્રી ચંપાબેન હેમરાજ પુનશી મૈશેરી પરિવાર**, હ : **શ્રી જયચંદ હેમરાજ મૈશેરી,** ગામ જખૌ વાળા છે. ભલારા દાદાને નમતા પરિવારોને જ્યોત દર્શન તથા પ્રસાદીનું લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ છે.

## કાર્યક્રમનું સ્થળ

**શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

**મંગળવાર, તા. ૧૫-૪-૨૦૧૪**

**સમય : સાંજના ૬.૩૧ કલાકે (ગૌધૂલી વેળાએ)**

-: વધુ વિગત માટે સંપર્ક :-

(જા.ખ.)

**શ્રી ભલારા ભક્તિ મંડળ, હૈદરાબાદ**

ગુલાબ પદમશી મોતા
૯૪૪૧૯૧૬૧૪૨

લહેરચંદ ટોકરશી લોડાયા
૯૨૪૬૫૩૧૦૬૬

***નમ્ર નિવેદન : સમય જાળવવા નમ્ર વિનંતી.***

***ભલારાદાદાને નમતા ભાવીક પરિવારોને આગ્રહભર્યુ આમંત્રણ છે.***

# ભાવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

**FAMILY INVESTIGATION CARD**

★ કાર્ડની મુદ્દત માર્ચ ૧૪નાં પુરી થાય છે. કાર્ડનું રીન્યુઅલ તુરંત કરાવી લેવા વિનંતી. વિગતમાં કોઈ ફેરફાર હોય જેવી કે ઉમર તો તે ફેરફાર કરાવી લેશો. રીન્યુ નહીં થયેલા કાર્ડ ઉપર ડાયગ્નોસ્ટીક સેન્ટર ડીસ્કાઉન્ટ નહીં આપે.

★ **Investigation (Testing)** કરાવ્યા બાદ ભવનમાંથી ૨૫% Discount મેળવવાના સમયમાં ફેરફાર કરેલ છે. સોમવાર થી શનિવાર સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ સુધીમાં આ કાર્ય માટે આવવાનું રહેશે.

★ **Mediclaim Insurance Renewal** ફેબ્રુઆરી/માર્ચ મહિનામાં ઘણી મેડિકલ ઈન્સ્યુરન્સ પોલિસીઓ પાકતી હોય છે. તમારી પોલિસીઓ ચેક કરીને શ્રી મધુ મોદાની ને જરૂરથી સમ્પર્ક કરી ચેક મોકલી આપશો. તે સાથે પોલિસી ધારકોનો ૧-૧ પાસપોર્ટ સાઈઝ ફોટો જરૂરથી મોકલાવશો જે નવા આઈ.ડી. કાર્ડ માટે જરૂરી રહેશે.

---

## જાન હૈ તો જહાન હૈ

★ ''આરોગ્યની ચાવી તમારા હાથમાં'' આ શીર્ષક હેઠળ ગત માસના નિયાંપોમાં આપ સૌએ આ મહિનામાં યોજાનારી એક **સ્વાસ્થ્ય પરિચર્યા** વિશે સંક્ષિપ્ત માહિતી મેળવેલ એના જ અનુસંધાનમાં આપણે સૌ આ બાબતે વધુ જાણવાનું પ્રયત્ન કરશું.

★ જેમ એક સેયંત્ર/મશીનને વ્યવસ્થિત રીતે ગતિશીલ રાખવા માટે એના બધા કલપુર્જાઓ/ભાગ () બરાબર કામ કરતા હોવા જરૂરી છે. આનાથી વિપરીત જો એક નાનામાં નાના ભાગમાં પણ કોઈ ખામી આવીજાય તો મશીનની ગતિમાં અવરોધ થઈ જાય છે તેવું આપણાં માનવ શરીરનું પણ એમજ છે. શરીરને સ્વસ્થ/તંદુસ્ત રાખવા માટે એના બધાજ અંગો/અવયવોનું સામાન્ય પણે કાર્ય કરવું. સુચારૂં રૂપથી ગતિશીલ હોવું જરૂરી છે કારણ કે એમાંથી જો એક પણ અવયવ અસંતુલિત થાય અથવા એમાં અવરોધ ઉત્પન્ન થાય તો પૂરી પ્રક્રિયાને નુકસાન પહોંચાડે છે માટે શરીરના બધા જ અવયવોની સંભાળ અને એમને સ્વસ્થ કેમ રાખવા તે પ્રથમ પગથિયું છે કારણ કે ''Prevention is better than cure''.

★ વર્તમાન સમયમાં દરેક વ્યક્તિ તાના-બાનાઓની તો એવી ઘટમાળમાં ગુંથાઈ ગયો છે કે એનું જીવન અસંયમિત, અસંતુલિત, અનિયંત્રિત અને અપ્રાકૃતિક થતો જઈ રહ્યો છે. જેનો સીધે-સીધો દુષ્પરિણામ એના સ્વાસ્થ્ય પર પડી રહ્યો છે અને એના લીધે અનેક નાની મોટી માંદગીઓથી ઘેરાઈ જાય છે જેનાં ઉપચારમાં ઘર, પૈસો-ટકો સમય બધુંજ વેડફાઈ જાય છે છતાં જોઈએ એવી રાહત (સ્વાસ્થ્ય અંગે) કે સારા પરિણામ મળતા નથી. ફરીથી આપને યાદ કરાવી દઈએ કે આવી બીમારીઓમાં આજકાલ **લીવર અને કિડની**ના રોગો, એનાથી પીડાના દર્દીઓની તાદાદ કદકેને ભૂસકે વધી રહી છે તે ચિંતાજનક છે. તો આવા રોગોથી આપણે કેમ બચીએ ? આપણાં શરીરના અવયવોને ... પરિબળોથી ક્ષતિગ્રસ્ત (Damage) થતા કેમ અટકાવીએ ? એની સંભાળ કેમ લઈએ ? આવા બધા જ પ્રશ્નો અને મહત્વપૂર્ણ પહલુઓની છણાવટ માટે પ્રસિધ્ધ હોસ્પીટલોના પ્રખ્યાત રોગ વિશેષજ્ઞો, નિષ્ણાંત ડોક્ટરો સાથેની એક અવનવી સ્વાસ્થ્ય પરિચર્ચાનું આયોજન શ્રી કચ્છી મિત્ર મંડળ અને શ્રી ડુંગરશી રવજી મારૂ ટ્રસ્ટના સંયુક્ત તત્ત્વાધાનમાં યોજાશે જેની વિસ્તૃત માહિતી અલગ પરિપત્રથી અને S.M.S.થી કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એેડેડ
# કો-ઑપરેટીવ ક્રેડિટ સોસાયટી લી.

સોસાયટીના સભ્યોને જણાવવાનું કે હેલ્થ ઈન્સુરંસ યોજનાને સારો પ્રતિસાદ મળ્યો છે. આપસૌના સહકાર માટે આભાર. સભ્યોના હિતોના રક્ષણ માટે સોસાયટીના ડાયરેક્ટરો હમેશા જાગ્રત હોય છે. સમયની જરૂરીયાત જાણીને સંસ્થા દ્વારા નિચે મુજબ ફેરફારો કરવામાં આવેલ છે. આ ફેરફારો તા.૧-૪-૨૦૧૪ થી અમલમાં આવશે.

**રેગ્યુલર લોનના વ્યાજ દરોમાં ફેરફાર**

તા. ૦૧-૦૪-૨૦૧૪ થી આવેલ રેગ્યુલર લોનની અરજીઓ ઉપર વ્યાજ દરોમાં નિચે મુજબ ફેરફારો કરવામાં આવેલ છે.

| **લોનની રકમ** | **વ્યાજદર** |
|---|---|
| રૂ. એક લાખ સુધી | ૮% |
| રૂ. બે લાખ સુધી | ૯% |
| રૂ. ત્રણ લાખ સુધી | ૧૦% |
| ત્યારબાદ | ૧૨% |

હાઉસીંગલોન, ટર્મલોન, પ્રોપેર્ટી લોન ઉપર (મોરીટોરીયમ) આંશીંક અવકાશની સુવીધા ઉપ્લબ્ધ. ઉપર જણાવેલ લોન યોજનાઓ ુપર ત્રીમાસીક અવકાશની સુવીધા તા. ૧-૪-૨૦૧૪થી અમલમાં આવશે. હવેથી લોનની રકમ ઉપર પહેલા ત્રણ મહીનાઓ સુધી ફક્ત વ્યાજની રકમ ભરવાનો વિકલ્પ લોન લેનાર સભ્યની મરજીથી લઈ શકાશે. આ માટે અરજદારને અગાઉથી અરજી વખતે જણાવવાનું રહેશે. વધુ વિગત માટે સોસાયટીના કાર્યાલાયમાં સંપર્ક કરવો.

તા. ૧-૪-૨૦૧૪ બાદ આવેલ દરેક લોનની અરજીઓ ઉપર રૂ. ૨૦૦/- નો પ્રોસેસીંગ મિનીમમ ચાર્જ લેવામાં આવશે.

અગાઉ જણાવ્યા મુજબ નિરંતર ડિપોજીટ ઉપરની માસીક રકમમાં ફેરફારની અરજીઓ ફક્ત એપ્રિલ મહીનામાંજ લેવામાં આવશે ત્યારબાદ આવેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી. વ્યાપારીક પેઢીઓ અને બાકી રહેલ સભ્યો જેમણે **KYC** ફોર્મ ભરેલન હોય તેમણે વિના વિલંબ ફોર્મ ભરી આપવા વિનંતી.

(જા.ખ.) **અરવિંદ કેશવજી છેડા,** મેનેજીંગ ડાયરેક્ટર

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત :

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | કબુતર ને ચણ | ગૌ-ઘાસ |
|---|---|---|---|---|---|---|---|
| સ્વ. પ્રમોદ વીરજી દેઢિયાની પુણ્ય તિથી નિમિત્તે હઃ નર્મદાબેન દેઢિયા | ૫૦૦ | ૫૦૦ | ૫ | ૫૦૦ | ૧૦૦૦ | - | - |
| પુરવેશ ગુલાબ મોતાના જન્મદિન પ્રસંગે | ૧૦૦૦ | ૧૧૦૦ | ૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | - | - |
| શ્રી નવિન પ્રેમજી રાંભીયા તેમના માતુશ્રીની પુણ્યતિથી નિમિત્તે | - | ૧૦૦૦ | - | - | - | - | - |
| સ્વ.આશારિયા ભીમશી માલદેની પુણ્યતીથી નિમિત્તે | - | ૫૦૦ | - | ૫૦૦ | - | - | - |
| શ્રીમતી રંજનબેન રમેશ શાહ | - | ૧૫૦૦ | ૫ | ૧૦૦૦ | - | - | - |
| શ્રીમતી હીના હિતેન સંઘોઈ | - | - | - | - | - | - | ૧ |
| વિરાગ મીતલ મેહુલ ધરોડ | - | ૨૦૦ | - | - | - | - | ૧ |
| શ્રીમતી નીશા હરીશ ગાલા | ૨૦૦૦ | - | - | - | - | - | - |
| એક સદ્‌ગ્રહસ્થી તરફથી | - | - | ૧ | - | - | - | - |

**ઉપરોક્ત સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર**

**મૂઠ્ઠીભર અનાજ યોજના :** ૨૫ કિલો ચોખા - શ્રી મહેન્દ્ર ગડા તરફથી
૨૫ કિલો ચોખા - શ્રીમતી તેજબાઈ ડુંગરશી મુરજી હરીયા તરફથી
૫૦ કિલો ચોખા -
૨૫ કિલો દાળ -
૨ ટીન (૧૫ કિલોના) તેલ
} સ્વ. રતનશી ગોગરીની પુણ્યતિથી નિમિત્તે હઃ શ્રીમતી મણીબેન રતનશી ગોગરી તરફથી

**નોંધ : ભુલ સુધાર :** ગત ફેબ્રુઆરીના નિયાંપોમાં શ્રીમતી હંસાબેન લીલાધર ગોસર તરફથી હોસ્પીટલ માટે દાન રૂા. ૨૫૦.૦૦ આપેલ ભુલથી રૂા. ૨૫૦૦ લખવામાં આવેલ.

**Manav Mitra Samithi** along with volunteers of **Muthi Bhar Anaj** hosted a cultural programe on Sunday the **9th of February 2014 at Don Bosco Navjeevan, home for street children, Ramantapur.**

**The function started with lighting of the lamp by Sanchalak Shri Harilal B. Savla, Saha Sanchalak Shri Pankaj Vallabhaji Savla, Shri Hiten M. Sanghoi, Principal Father Philips and other Volunteers.**

Kids of our samaj presented a dance programe, which was followed by a melodious Flute Recital by Shri Satish Shah.

Children from the home also presented a dance programe and also took part in the Fancy dress competition. The home band also enthralled the audience with their wonderful perforamce.

The Cultural Programme ended with a magic show, which was enjoyed by all followed by delicious Lunch.

All the children were awarded gifts and prizes, all the children were also given one sports uniform each. Drawing competitions and group games on Sunday the 2nd February 2014 preceded this cultural program.

Manav Mitra Samithi thanks Shri Kutchi Mitra Mandal, Hyderabad for giving this opportunity to host this program.

Thank you to Smt. Sheetal H. Chheda for training the small kids of our samaj for the dance programe.

Thank you to Smt. Rashmi M. Dharod for sponsoring the Prizes.

Thank you to Shri Kunal T. Haria and his group for sponsoring T-Shirts for Volunteers.

Thank you to all the members of Muthi Bhar Anaj for sponsoring 210 sports uniforms and also for donating grains and other essentials month after mother regularly.

At the End we thank one and all who made this programe a Great Success...



## SHANTI PRIMARY SCHOOL

Correspondent : **NAVINCHAND HARIA ,** 98850 31232

We bid adieu to the academic year 2013-14 with a bang of colourful performances in its 8th Annual Day Programme which was held on 26 Feb' 14.

The school paid rich tribute by holding programmes like dances, song, art, skit etc. depicting the life and mission of great visionary. The school president Mr. Manikant Momaya, Secretary, Mr. Pankaj H. Savla and other Committee Members inaguarated the Annual Day Programme by lighting the Lamp.

We are glad to inform you that, it was an eventful year for the school with plethora of events, celebrations and remarkable activities. It has always been our endeavour to do our best and with perfection in whatever we do. In spite of the unexpected turn of events during this academic year, we are grateful to God for providing us sufficient resilience to face these Challenges.

All this could happen only because of our dynamic principal Mrs. Vasudha Sangankar, all teachers and staff of Shanti Primary School and ofcourse the students and cooperation of the parents.

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

તમારા બાળકોના ઉજ્જવલ ભવિષ્ય માટે સંપર્ક

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

# સંસ્થા સમાચાર

**❖ દિવ્ય શ્રાવક સામાયિક મંડળ : જીનેશ્વર ધામ.**

દિવ્ય શ્રાવક સામાયિક મંડળના માર્ચ માસના અતિથી વિશેષ ગામ કચ્છ મેરાવાના ધર્મ પ્રેમી સુશ્રાવક **શ્રીમાન શાંતિલાલભાઈ ખીમજી મામણીયા** રહેશે.

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| પુત્રી જન્મ | ચિ. શીતલ રૂપેશ અનીલકુમાર મોમાયા | વારાપધર | હૈદરાબાદ |
| સગપણ | ચિ. રિતેશ દિપક જાદવજી નાગડા | ડુમરા | હૈદરાબાદ |
| | ચિ. હિરલ વિજય શામજી ગંગર | નાંગલપુર | હૈદરાબાદ |
| | ચિ. વિરલ નિતીન ગાલા | લાખાપર | હૈદરાબાદ |
| | ચિ. સુરભી હેમંત છેડા | ગોધરા | ગાંધીધામ |
| | ચિ. રક્ષિત ભાવેશ પ્રેમજી મારૂ | ડુમરા | હૈદરાબાદ |
| | ચ. રાજુલ અતુલ નાનજી સાવલા | વાંકી | હૈદરાબાદ |
| શુભ લગ્ન | ચિ. બિજલ કિરણ કેશવલાલ સંઘવી | મુંદ્રા | હૈદરાબાદ |
| | ચિ. મંથન ચંદ્રેશ નેણશી સંઘવી | મુંદ્રા | કલીકટ |



## Heartly Congratulations

**APARNA**
**(W/o. Gautam Vijay Jagirdar)**
**Ph : 9985013169**



**Aparna Gautam Jagirdar** had been awarded **"Pinnacle Award 2013"** for Exemplary Performance in 2013 for ***GENPACT***. She also completed her MBA in HR from Symbiosis University.

Aparna had won the Coolest Employee Relation Manager in the ‘Global Retention Contest’ held last year at Genpact. 17 people were selected in 3 categories, Coolest being the highest. Aparna had been nominated as the Coolest People Champion@Genpact, only Indian in this category. She had been awarded by an Apple I pad along with a certificate signed by the Senior VP of Genpact.

She had also been awarded the ‘Long Service award’ for completing 10 years of service with Genpact. She received the trophy from Senior Leadership team of Genpact.

Congratulations Aparna for the very well deserved awards... **LODAYA-JAGIRDAR FAMILY.** (જી.ખ.)

# ABHA BEAUTY PARLOUR

## BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

Summer Special offer **Mehandi & Self Grooming Courses**

***Home service Facility is also available***

***Sunday Closed***

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# SONA HANDLOOMS

## *Exclusive Dress Materials*



- **KURTIES**
- **LEGGINGS**
- **LADIES UNDERGARMENTS**
- **NIGHTIES**

**AT WHOLESALE RATE**

Special Offer **30% off** on Ladies Under Garments

Contact : *Ashit Patel*

3-3-116/117, Chappal Bazar,
Near Manjira Hotel,
Opp. Bangalore Iyenger Bakery,
Kachiguda, Hyderabad 500 027.

**Phone : 93910 01176**

(જા.ખ.)

# વિવિધા

## આજનો માનવી મોબાઈલ થઈ ગયો



આજનો માનવી મોબાઈલ થઈ ગયો,
સામે કોણ છે એ જોઈને ફોન રિસીવ કરતો થઈ ગયો,
સ્વાર્થના બટન દબાવી સંબંધો સ્વીચ ઓફ કરતો થઈ ગયો
હોય હૈદ્રાબાદમાં તોય મુંબઈમાં છું એમ કહેતો થઈ ગયો,
આજે વોડાફોન તો કાલે એરટેલ,
એમ દોસ્તીમાં વફાદારી બદલતો થઈ ગયો,
ફ્રી ઈન્કમીંગ અને ફ્રી આઉટ ગોઈંગ ના ચક્કરમાં
કુટુંબના કવરેજની બહાર થઈ ગયો,
એક ફોનમાં બે સીમકાર્ડ નાંખી,
ડબલ રોલની જીંદગી જીવતો થઈ ગયો,
આજનો માનવી મોબાઈલ થઈ ગયો

મોબાઈલ પર વધારે પડતા લોકો કામની વાત ઓછી અને ગપ્પા વધારે મારે છે. શું કર્યું ? શું બનાવ્યું ? શું પહેર્યુ ? ક્યાં ગયા હતા ? આવી રોજની વાતોમાં સમય બરબાદ કરી નાખે છે. જાુદી જાુદી કંપનીઓ ગ્રાહકોને આકર્ષિત કરવા માટે કોલરેટ ઓછા કરતી જાય છે. પણ ધ્યાન રાખજો. કોલરેટ ઓછા થવાથી સમયના રેટ ઓછા થતા નથી.

- લી. **પલ્લવી કે. લોડાયા**

## वर्ल्ड वुमेन्स डे
## के उपलक्ष्य में हर नारी के लिए एक संदेश



मत बन नारी तु नारी की दुश्मन
मत देख तु दर्पण सिर्फ संवरने को
झांक अपने भीतरके दर्पण में,
उठा आवाज उस भ्रूण हत्या पर,
जुट जा सब के साथ हर अत्याचार पर,
अबला केहने वालो को बता दे अपनी शक्ति को,
नारी तु नारायणी हो, मत बन नारी की दुश्मन ।

**— श्रीमती उमा एस जेठवा**

# ☆☆☆ Shining Stars

## ☆☆☆ ઝગમગતા તારલા

★ આપણે સહુ ઈચ્છીએ છીએ કે આપણા બાળકો સારી કેળવણી પામે, સારા સંસ્કાર મેળવે, ધર્મપ્રિય બને અને જીવનમાં સફળતા મેળવે. આજના સમયમાં સફળતાની સાથે સાથે સારા સંસ્કાર અને ધર્મનું જ્ઞાન પણ એટલુજ મહત્વનું છે.

★ સારી કેળવણી માટે સારી સ્કુલો તો છે જ, પણ સારા સંસ્કાર તેમજ જૈન ધર્મનું જ્ઞાન આજની યુવા પ્રજાને આધુનિક પધ્ધતિથી શિખવાડવું પણ જરૂરી છે. જેથી તેઓ સારી રીતે ગ્રહણ કરી શકે અને સમજી શકે.

★ જીનેશ્વરધામ, કાચીગુડામાં કાર્યરત "Shining Stars" પાઠશાળામાં જૈનધર્મનું જ્ઞાન બાળકોને જુની પધ્ધતિની સાથે સાથે આજની પ્રજા જે સાધનોથી પરિચીત છે તે માધ્યમોથી આપવામાં આવે છે. જેમ કે.

## કંપ્યુટર્સ, ટી.વી., વી.ડી.ઓ. વગેરે...

★ તમારા બાળકોને એક સારા સંસ્કારી અને ધર્મપ્રિય શ્રાવક બનાવો.

★ "Shining Stars" ના બાળકો માટેના કલાસીસ દર શનિવારે સાંજના રાખવામાં આવે છે. હાલ ત્રણ લેવલના કલાસ ચાલુ છે. આવતા વર્ષના એડમિશન માટે બાળકોના વાલીઓ શનિવાર તા. ૨૯-૩-૨૦૧૪ તેમજ તા. ૫-૪-૨૦૧૪ના રોજ સાંજે ૫ થી ૬.૩૦ની વચ્ચે અમોને જીનેશ્વરધામ કાચીગુડામાં મળી શકશે.

★ આ ઉત્તમ કાર્યમાં તન, મન, ધનથી સાથ આપવા વિનંતી. તેમજ આ ઉત્તમ કાર્યમાં સેવા આપવા હાર્દિક આમંત્રણ. વધારે જાણકારી માટે સંપર્ક...

**શ્રીમતી પૂનમબેન નિકેશ દેઢિયા - ૯૨૪૬૫૬૮૩૫૩**
**શ્રીમતી હર્ષાબેન અતુલ નાગડા - ૯૨૪૬૩૭૬૬૭૭**

(જા.ખ.)

# ઘર એજ સ્વર્ગ : "ક્રોધ નિયંત્રણ"

ભગવાન બુધ્ધે કહ્યુ છે, ક્રોધના ભોગ બનવું એ અન્યના અપરાધનો બદલો આપણી જાત પર લેવા બરાબર છે. ક્રોધ એ ફણીધર નાગ છે. તે પોતાની જ શક્તિનો નાશ કરે છે.

અરે ! ક્રોધે અનેકના ઘરસંસારને સળગાવી મૂક્યાં છે. માનવ સંબંધોને ઝેરીલા કરી નાખ્યા છે, મનની શાંતિને વેરવીખેર કરી નાખી છે.

ક્રોધ શાંત કરવા માટે માણસને પોતાની અપેક્ષાઓ ઓછી કરવી પડશે. અહંને ઓગાળવો પડશે. સહન કરતા શીખવું પડશે, વાણી પર નિયંત્રણ સાધવું પડશે.

ક્રોધ બે પ્રકારના હોય છે. (૧) સક્રિય ક્રોધ અને (૨) નિષ્ક્રિય ક્રોધ Active anger & passive anger. સક્રિય ક્રોધ એટલો ખતરનાક નથી હોતો. જલ્દી સામાન્ય થઈ જવાય છે. પરંતુ નિષ્ક્રિય ક્રોધથી અંદરોઅંદર બેચેની વધતી જશે.

સક્રિય ક્રોધવાળી વ્યક્તિ ઉપરથી ગરમ હોય છે. અને અંદર થી ઠંડી હોય છે. જ્યારે નિષ્ક્રિય ક્રોધવાળી વ્યક્તિ ઉપરથી ઠંડી હોય છે, પણ ભીતરથી ગરમ હોય છે.

૧) **ક્રોધનું પહેલુ કારણ - અપ્રેક્ષાઓ**
જેટલી અપેક્ષાઓ વધારે એટલું જ ગુસ્સાનું પ્રમાણ વધારે. જેની જેટલી અપેક્ષા વધારે એની એટલી જ ઉપેક્ષા વધારે.

૨) **ક્રોધનું બીજુ કારણ મોહ -** ગુસ્સો નજીકવાળા પર વધારે આવે છે. તમે દુર-વાળા જોડે ગુસ્સો નહીં કરો કેમકે ત્યાં મોહ નથી.

૩) **ક્રોધનું ત્રીજું કારણ-પ્રતિકુળ સંજોગો -** મનનું ધાર્યુ ન થાય તો ગુસ્સો આવશે. બહારના એરકન્ડીશનની તાકાત નથી કે તમારા ગરમ દિમાગને ઠંડુ કરી શકે. ઠંડક અંદરથી આવવી જોઈએ. અંદરથી ત્યારે જ આવે જ્યારે તમારામાં સહન કરવાતી શક્તિનો વિકાસ થશે.

૪) **ક્રોધનું ચોથું કારણ વ્યસ્તતા -** અતિ વ્યસ્ત માણસના માથા પર કામનો એટલો બધો બોજો હોય છે, ટેન્શન હોય છે, જેના કારણે એ નાની નાની વાતમાં ઉત્તેજીત થઈ ઉઠે છે.

૫) **ક્રોધનું પાંચમું કારણ નકારાત્મક વલણ -** અવ્યવસ્થાને શાંત ચિત્તે હેન્ડલ કરતા શીખવું જોઈએ.

**ક્રોધશમનના વ્યવ્હારુ ઉપાયો :**

૧) મારા ક્રોધનું કારણ મારો જ ઉત્તેજીત સ્વભાવ છે માટે હું મારા ઉત્તેજીત સ્વભાવને બદલી શાંતિથી જીવવાનો સંકલ્પ કરૂ છું.

૨) સમય પર મનધાર્યું ન થાય અથવા પોતાની અપેક્ષાઓ પુરી ન થાય ત્યારે જ માણસ ક્રોધે ભરાય છે. માટે કોઈ પણ કામ ધારેલા સમયે થવુ જ જોઈએ એવો આગ્રહ છોડી દેવો.

૩) રોજ સવારે નક્કી કરેલા સમયે પુર્ણ, મૌનનો અભ્યાસ કરી અને બાકીના સમયે ધીરે બોલવાની ટેવ પાડો.

૪) રાત્રે સુતા પહેલા પાંચ મિનીટ ધ્યાન મુદ્રામાં બેસી આત્મ નિરીક્ષણ કરો.

૫) શાંત રહેવાની અને કોઈની ભુલો ન જોવાની ટેવ પાડો. યોગ્યતા અને ક્ષમતા મુજબ કામ કરો.

સંકલન : **વલ્લભજી મેઘજી સાવલા**

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

(જા.ખ.)

- ➢ સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- ➢ રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- ➢ કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- ➢ પાનેતર, પિટ્ટાવર્ક, તાર કામ સાડી
- ➢ બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**

# શુદ્ધ ઘી ની ઘરમાં બનાવેલ મિઠાઈ



- ❊ પાંચ ધાન્યના મગદરીયા લાડું
- ❊ ફીણીયા લાડુ
- ❊ ડ્રાયફ્રૂટ લાડુ (ઘંઉના)
- ❊ અદરખ ડ્રાયફ્રુટ લાડુ

સીવાય

• સાંગલીના ભડંગ • સાંગલીની હળદર • સાંગલીની કિશ્મીસ
• શીંગદાણાની ચટણી • સિકંદરની શીંગ • ગુંધ

**●●● પ્રવીણ છેડા - પ્રેમીલા છેડા ●●●**

મો. ૮૯૮૫૭ ૫૯૩૨૦, ૯૦૧૪૬૬૬૯૩૨

(જા.ખ.)

## તો તું હમણા જ....

હું મૃત્યુ પામીશ
અને તું ફુલો મોકલીશ
જે હું જોઈ નહીં શકું
તો તું હમણાં જ ફુલો મોકલને....

હું મૃત્યુ પામીશ
અને તું મારી કદર કરીશ
જે હું સાંભળી નહીં શકું
તું એ શબ્દો હમણાં જ બોલને....

હું મૃત્યુ પામીશ
અને તું મારા દોષો ભુલી જઈશ
જે હું જાણી નહીં શકું
તો તું મને હમણાં જ માફ કરી દેને....

હું મૃત્યુ પામીશ
અને તારા આંસુ વહેશે
જેની મને ખબર નહીં પડે
તો તું અત્યારે જ થોડું રડને....

હું મૃત્યુ પામીશ
અને તું મને યાદ કરીશ
જે હું અનુભવી નહીં શકુ
તો તું મને અત્યારે જ યાદ કરી લેને....

હું મૃત્યુ પામીશ અને તને થશે
મેં એની સાથે થોડો વધારે સમય
વિતાવ્યો હોત તો ?
તો તું અત્યારે જ એવું કર ને ?

## PUZZLE

A

Identify the old & new heroines from the following hints :-

1) She is a dot on your forehead
2) She is always new
3) She is for your brother
4) She is a fullmoon
5) she is for your eyes
6) She is remembered by a monument
7) She is for your neck
8) She is on the cheeks
9) She is a flower
10) She is a magic
11) She is on your palms
12) She is what we call shyness
13) She is love of a mother
14) She is your fortune.

B

Identify Indian Cities & States from the following hints :

1) Face
2) Unmarried Girl
3) Go and Come
4) Answer State
5) Green Gate
6) Kings Coat
7) Snake Land
8) Make Juice
9) Mr. City
10) Rhytham of eyes

If you are a genius, answer puzzle A & B and send the answers in writing to Kutchi Bhavan with your name & Phone number. The names of individuals giving correct answers will be published in next issue of Niyapo. Correct answers to the Puzzle will be given in next issue.

**"દિમાગ ચલાઓ ઔર જવાબ દયો"**

ફેબ્રુઆરી ૨૦૧૪ના અંકમાં એક કોયડો પુછેલ તેનો જવાબ છે – "ચિની" એક બહેને "આમ" જવાબ આપેલ છે. તે પણ બરાબર છે. સાચા જવાબ આપનારના નામ નીચે મુજબ છે.

**દિના ભુપેન્દ્ર વીરા, પ્રીતી જયંત ગડા, વીણા કિશોર ગોસર, ભારતી કેશવજી ધરોડ.**


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# વિચિત્ર મનુષ્ય

જ્યારે પૈસો ન હોય ત્યારે ઘેર બેઠાં શાકભાજી ખાય,
જ્યારે પૈસો હોય ત્યારે સરસ રેસ્ટોરન્ટમાં જઈને
એજ શાકભાજી ખાય.
જ્યારે પૈસો ન હોય ત્યારે બાઈસાયકલ ચલાવે,
જ્યારે પૈસો હોય ત્યારે તેવીજ બાઈસાયકલ જીમમાં જઈને ચલાવે.
જ્યારે પૈસો ન હોય ત્યારે, રોજી કમાવા પગે ચાલે,
જ્યારે પૈસો હોય ત્યારે ચરબી ઉતારવા પગે ચાલે.
વિચિત્ર મનુષ્ય પોતાની જાતને છેતરવામાં ક્યારેય પાછો પડતો નથી
જ્યારે પૈસો ન હોય, ત્યારે લગ્ન કરવા ઈચ્છે.
જ્યારે પૈસો હોય ત્યારે છુટા છેડા લેવા ઈચ્છે.
જ્યારે પૈસો ન હોય ત્યારે પત્નીને સેક્રેટરી બનાવે.
જ્યારે પૈસો હોય ત્યારે સેક્રેટરીને પત્ની બનાવે.
જ્યારે પૈસો ન હોય ત્યારે પૈસાવાળાની જેમ વર્તે,
જ્યારે પૈસો હોય ત્યારે ગરીબ હોવાનો દેખાવ કરે.
**વિચિત્ર મનુષ્ય**
ક્યારે સાદું સત્ય નહીં બોલે !
કહેશે કે શેરબજાર ખરાબ છે, પણ તોય સટ્ટો ચાલુ રાખે.
કહેશે કે પૈસો અનિષ્ટ છે, પણ તોય ધન પ્રાપ્તીમાં રચ્યો રહે.
**વિચિત્ર મનુષ્ય**
જે કહે તે માને નહીં, અને જે માને તે કહે નહીં.

સંકલન : **રમેશ એમ. શાહ**

# આજની ભારતીય સભ્યતા

તુલસીની જગ્યા મનીપ્લાન્ટે લઈ લીધી...
કાકીની જગ્યા આંટીએ લીધી...
પિતાજી જીવતે જીવ ડેડ થઈ ગયા...
આગળ હજુ બાકી છે ત્યાં તમે તો ગ્લેડ થઈ ગયા
ભાઈ બ્રો થઈ ગયો અને બહેન હવે સીસ થઈ ગઈ
દાદા-દાદીની હાલત તો ટાઈ ટાઈ ફીસ થઈ ગઈ
ખરાબ હાલત તો નર્સના મિસ્ટરની થઈ ગઈ
ટીવીની સાસ બહુનો તો સાપ નોળિયા જેવો રીસ્તો છે.
ખબર નહીં એકતા કપૂર ઓરત છે કે ફરીસ્તો છે.
જીવતી જાગતી માં છોકરાઓ માટે **મમ્મી** બની ગઈ
રોટલી હવે કેમ સારી લાગે મેગી જ્યારે યમી બની ગઈ
બહુ દુખી છે આ દિલ આ જોઈને તુટી જાય છે.
ભારતીય સભ્યતાની આ હાલત જોઈ શિર ઝુકી જાય છે.

– **રમેશ એમ. શાહ**


New Year Offer
CVRS METRO DIAGNOSTICS
Images for Life
Quick Health Check up @ 499/-
Fasting Blood Sugar (FBS)
Fasting Lipid Profile
Complete Urine Examination
ECG
Consultation with Physician
Consultation with Dental Surgeon
Well Women Check up @ 599/-
Blood Group + RH Factor
Complete Blood Picture with ESR
Complete Urine Examination
Random Blood Sugar
X-Ray Chest (PA View)
Ultrasound of Pelvis
Consultaion with Gynaecologist
Consultation with Ophthalmologist
Consultation with Dental Surgeon
Available Services
★ Doctor Consultaions
★ Health Check-Ups
★ Ultra Sound
★ Colour Doppler
★ 2D Echo ★ TMT
★ ECG-12 Channels
★ Digital X-ray
★ PFT ★ OPG
★ High - End Laboratory
★ Opticals
★ Pharmacy
AMBULANCE SERVICES
HOME SAMPLE COLLECTIONS
(જા.ખ.)
#2-1-497 to 501 Ground Floor, Sai Pragathi Plaza, Old Food World, Nallakunta, Hyderabad - 500 044
T : +91 40 6632 4444 / 4443 / 4442 F : +91 40 6632 4441, www.cvrsmetrodiagnostics.com


CVRS METRO DIAGNOSTICS
Images for Life
Know Your Warning Signs !
• Frequent Urinates
• Generalized Weakness
• Weight Loss
• Blurry Vision
• Recurrent Infections
• Excessive Thirst
• Poor Wound Healing
• Family History of Diabetes
Frequent Urination
Weight Loss
Generalized Weakness
Excessive Thirst
DIABETIC HEALTH CHECK UP
Test Include
• Height, Weight, BMI
• FBS
• PLBS
• HbA1c
• CUE
• Lipid Profile
• Serum Creatinine
• Consultation with Endocrinologist
@ ₹ 699
*Offer valid from 15th Feb to 31st March 2014
For Appointments: 8885211664, 66324444
(જા.ખ.)
#2-1-497 to 501 Ground Floor, Sai Pragathi Plaza, Old Food World, Nallakunta, Hyderabad - 500 044

# જૈન સમુદાયને લઘુમતી દરજ્જો પ્રાપ્ત થવાથી થનારા લાભ

(૧) જૈન ધર્મની સુરક્ષા રહેશે. (૨) જૈન ધર્મનું નૈતિક શિક્ષણ, ભણતર કરાવવા માટે જૈન સ્કુલોને અધિકાર રહેશે. (૩) ઓછા વ્યાજ ઉપર લોન, વ્યવસાય, શિક્ષા અને ટેકનીકલ અનુસંધાનોના લાભો મળશે. (૪) જૈન કોલેજમાં જૈન વિદ્યાર્થીઓને માટે ૫૦ ટકા આરક્ષીત સીટ રહેશે. (૫) જૈન સમુદાયને લઘુમતીનો દરજ્જો મળવાથી સંવિધાનના અનુચ્છેદ ૨૫ થી ૩૦ મુજબ સમુદાય ધર્મ, ભાષા, સંસ્કૃતિની રક્ષા સંવિધાનની ઉપલબ્ધીઓ અનુસાર થઈ શકશે. (૬) જૈન ધર્મ પાળનારાઓના ધાર્મિક સ્થળ, સંસ્થાઓ, મંદીરો, તીર્થક્ષેત્રો તથા ટ્રસ્ટનું સરકારીકરણ કે અધિગ્રહણ વગેરે નહી કરી શકાય, તદઉપરાંત ધાર્મિક સ્થળોના ઉચીત વિકાસ અને સુરક્ષાના વ્યાપક પ્રબંધ .. દ્વારા પણ કરવામાં આવશે. (૭) ઉપાસના સ્થળ અધિનિયમ ૧૯૯૧ (૪૨ તા. ૧૮/૯/૯૧) અંતર્ગત કોઈ ધાર્મિક ઉપાસના સ્થળ બનાવી રાખવા માટેના સ્પષ્ટ નિર્દેશનો કલમ - ૬ (૩) ના હેઠળ દંડનીય અપરાધ છે. જુના સ્થળો તેમજ જુના વારસાને સુરક્ષીત રાખવાનુ સને ૧૯૫૮ ના અધિનિયમ કલમ-૧૯ અને ૨૦ અંતર્ગત સુરક્ષીત રહેશે. (૮) જૈન સમુદાય દ્વારા સંચાલીત ટ્રસ્ટોની સંપત્તીને ભાડા નિયંત્રણ અધિનિયમથી મુક્ત રાખવામાં આવશે. (૯) જૈન ધર્મ પાળનાર પોતાની પ્રાચીન સંસ્કૃતિ, પુરાતત્વ અને ધર્મસ્થળોનું સંરક્ષણ કરી શકશે (૧૦) જીલ્લાના ઉત્કૃષ્ટ વિદ્યાલયોમાં જે લાભ મેળવનાર લઘુમતી વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે તો તેમાના ગરીબી રેખા નીચે જીવન વ્યતીત કરનારા ધો.૯, ધો.૧૦, ધો.૧૨ ના વિદ્યાર્થીને શિક્ષણ ફી તથા અન્ય લેવાનાર ફી સંપૂર્ણ માફ કરવામાં આવશે. (૧૧) જૈન મંદીરો, તીર્થસ્થળો, શૈક્ષણીક સંસ્થાઓ વગેરેના પ્રબંધની જવાબદારી સમુદાયના હાથમાં રહેશે. (૧૨) શૈક્ષણીક તથા અન્ય સંસ્થાઓની સ્થાપના કરવામાં કે તેનુ સંચાલન કરાવમાં સરકારી હસ્તક્ષેપ ઓછો થઈ જશે. (૧૨) વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી) દ્વારા સંચાલીત કોલેજોમાં સમુદાયના વિદ્યાર્થીઓને ફી માફી કે ઓછી થઈ શકશે (૧૪) સરકાર દ્વારા જૈન સમુદાયને સ્કુલ, કોલેજ, છાત્રાલય, પ્રશિક્ષણ સંસ્થાઓને ખોલવા માટે બધી સુવિધાઓ અને ઘટાડેલા દર ઉપર જમીન આપવામાં આવશે. (૧૫ જૈન સમુદાયના વિદ્યાર્થીઓને સરકારી સેવાઓ અને વ્યવસાયીક પાઠ્યક્રમના પ્રશિક્ષણ માટે અનુદાન મળી શકશે (૧૬) જૈન સમુદાય દ્વારા સંચાલીત જૈન સંસ્થાઓ પર કાનુનની આડમાં જે બહુમતી વાળાઓએ કબજો જમાવી રાખ્યો છે તેનાથી મુક્તિ મળશે (૧૭) જૈન ધર્મ પાળનાર દ્વારા પુણ્યાર્થે, પ્રાણી સેવા, શિક્ષા વગેરે માટે કરેલ દાનની રકમ કરમુક્ત હશે (૧૮) જૈન ધર્મ પાળનારને બહુમતી સમુદાય દ્વારા હેરાનગતિ થતી હોય તેવી પરિસ્થિતિમાં સરકાર જૈનોની રક્ષા કરશે (૧૯) લઘુમતી સમુદાયના ધાર્મિક સ્થળના ઉચીત વિકાસ અને સુરક્ષાની વ્યાપક જવાબદારી શાસન દ્વારા કરવામાં આવશે. (૨૦) લઘુમતી વર્ગના યુવાઓમાં ખેલકુદ તથા અન્ય સાંસ્કૃતિક કૌશલ્યોમાં પ્રોત્સાહન માટે અનુદાન, એ છાત્રની પ્રતિભાને જોઈને વધારાના લાભ મળી શકશે. કે જેથી ગરીબી રેખાથી નીચે જીવનાર તથા આર્થિક રીતે નબળા વર્ગનો શૈક્ષણીક, સામાજીક તથા આર્થિક વિકાસ થઈ શકે. (૨૧) લઘુમતી સમુદાયને માટે કરવામાં આવેલ આર્થિક, સામાજીક, શૈક્ષણીક સ્થિતિના સર્વેક્ષણના આધારે રોજગાર માટેની સુવિધાના લાભ મળશે.

– સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

## રત્નકણિકાઓ મોડું થઈ ગયું

આજ જૈનોના ડાબા હાથમાં ઘડિયાળ હોય છે અને જમણા હાથમાં હોય છે **રક્ષા પોટલી.**

ઘડીયાળ જોઈને ઘણી વખત એવો વિચાર આવ્યો... કે દુકાને જવાનું મોડું થઈ ગયું....

પણ રક્ષાપોટલી જોયા પછી ક્યારેય એવો વિચાર આવ્યો કે.... મારે મોક્ષ જવાનું મોડું થઈ ગયું ?



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

**Upto 20% Discount on Medicines on M.R.P.**

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

# प्रीत की बहार - होली का त्यौहार

अत्यन्त विशाल-क्षैत्रफल, जनसंख्या, विभिन्न धर्मो भाषाओं रीती रिवाजो वाले हमारे भारत देश में एकता को सबल प्रदान करने वाला यह होली पर्व अद्वितीय है, क्या धनी क्या गरीब छोटे बडे सभी मिल कर इसे मनाते है। किसी शायर ने कितना सही कहा है –



नजीर होली का मौसम जो जग में आता है,
वह ऐसा कौन है, होली नहीं मनाता है,
कोई तो रंग छिड़कता है कोई गाता है
जो खाली रहता है वह देखने को जाता है
जो ऐश चाहो, वो मिलता है यार होली में

समाज को सर्वस्व प्रदान करने वाला यह पर्व सबको मोह लेता है। होली का सरस वर्णन कृष्ण भक्त कवियों ने करतेहुए कहा है देवता भी होली खेलने को तरसते है। शीत रितु की समाप्ति बसंत रितु का आगमन, किसानों की फसलों की प्राप्ति समय होने से इस त्यौहार मनाने के हर्ष उल्लास में चार चाँद लग जाता है। यह उत्सव मनोरंजन का भी एक पर्व है। होली के अद्‌भूत रंगो की छटा व अनोखा परिवेश-हास्य मुद्राएँ आदि देख कर भला कितना ही उदास-निराश व्यक्ति हो - मुस्कराएँ बगैर नहीं रहेगा। तभी तो अक्सर लोग पहले ही कह देते है - बुरा न मानो, होली है। आज के दिन प्रहलाद और होलिका की गाथा अन्तस को टीसती रहती है जनता लकडी के ढेर में आग लगा कर होलि का दहन करती है, एक माने में यह पर्व हमें आन्तरिक विकारों बुराइयों को भस्म करने का संदेश देता है। होली मांगलिक होते ही - फिर एक अजीब सी मदोन्मता छा जाती है बच्चे बुढे अधेड जवान नर-नारी रंगों की बौछारे एवं ढोलक मंजीरो के संगीत के साथ झूमते नजर आते है। उत्तर भारत में अक्सर महिलाऐं - होली खेले रघुवीरा अवध में - यह फाग गीत गा कर हर्ष प्रकट करती है। राजस्थान में होली का त्यौहार अत्यन्त हर्ष उत्साह के साथ गैर नृत्य, भाई चारे- मिष्ठान भोजन, रामा-सामा एवं गुलाल तथा सटकीले लाल गुलाबी आदि रंग डाल कर मनाते है। राजस्थानी में एक पुरानी कहावत भी है - होली गैलो गेरियों और विवाह गैलीनार अर्थात जिस तरह विवाह शादी होने पर महिलाएँ उल्लासित होती है उसी प्रकार गैर नाचने वाले मदमस्त हो जाता है।

होली त्यौहार पर देश की मौजूदा परिस्थितियां मेंहगाई आदि का भी असर साफ दृष्ट्रिगोचर होता है। हुल्लड मुरादाबादी ने अपने कहकहो के माध्यम से कहा भी है –

रंग नहीं तो क्या हुआ, मत रो प्यारेलाल
मँहगाई तो आजकल दिल पर मले गुलाल,
छुटा दो तो हम जाने
देश में चुनाव के माहौलको देख कर फिर हास्य कवि कहते है भाषण की पिचकारियां, आश्वासन के रंग
कच्चे निकले रंग हुआ रंग में भंग
यही है असली होली।
देश प्रेम एवं वीर रस से भी अछूती नहीं रही होली देखिये कवि प्रदीप की बानगी –
देश में थी दीवाली वो खेल रहे थे होली
हम बैठे थे घरों में वो झेल रहे थे गोली....
चाहे कवि सम्मेलन हो, स्नेह मिलन, संगोष्ठियां आदि हो -
होली का रंग जमे बगैर नहीं रह सकता है। प्रसिद्ध कवि निराला का होली प्रेम देखिये –
रंग गई पग पग धन्य धरा, हुई जगमग मनोहरा
रचा नव किरणों का रास खेलते फुल ज्योति का फाग।

प्रेषक : **जसराज देवडा धोका**

।। શ્રી સચ્ચાઈ માતાય નમઃ ।।

## લોડાયા નુખના સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની પહેડી

સવિનય જણાવવાનું કે લોડાયા નુખના સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી તા. ૮-૪-૧૪ મંગળવાર ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે લોડાયા નુખના સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભીનું આમંત્રણ છે.

### કાર્યક્રમ

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ તથા સ્થાપના | ૯.૩૦ કલાકે |
| માતાજીના ભજન ગીતની રમઝટ તથા રાસગરબા | ૧૦.૦૦ કલાકથી |
| ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી | ૧૧.૦૦ કલાકે |
| માતાજીને પ્રસાદ થાળ જુવારવાનું | ૧૧.૧૫ કલાકે |
| માતાજીની આરતી | ૧૨.૦૦ કલાકે |
| માતાજીની પ્રસાદી (પ્રિતી ભોજ) | ૧૨.૩૦ કલાકે |

**સચ્ચાઈ માતા ભાવિક મંડળ - હૈદરાબાદ ના જયજિનેન્દ્ર**

નોંધ : કાળા વસ્ત્રો ન પહેરવાની વિનંતી. શ્રીફળ લઈ આવવાની પ્રથા બંધ છે.

માણેકજી ઘેલાભાઈ લોડાયા, 9030070899 — ખુશાલ વાલજી લોડાયા, 9849002411

મણીલાલ લોડાયા,9246371658 — લહેરચંદ લોડાયા 9246531066 રિદ્ધીશ રમેશ જાગીરદાર, 984 99 88 999

(જા.ખ.)


DEEPAK MAVJI DHAROD — Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)

***Authentic Fengshui (Vaastu) reveals the fortune of the buildings. Enhance, remedy the supportive, sabotaging intangible energies for better health, wealth, to increase Prosperity & Improve Relationships.***

❖ Contact ❖

**LEELA SHAH** Senior Master Fengshui (Vaastu) Columnist & Consultant.

Ph : 93908 24056, 040-2767 2007

(જા.ખ.)


**DONATE EYES LIVE TWICE**

**DONATE BLOOD SAVE LIFE**

## અહિંસા પરમો ધર્મઃ

મિત્રો. **ગંભિરતાથી વિચારજો... હવે ન છેતરાજો**

ગર્વ કરવાની વાત છે. આજે આખી દુનિયામાં શાકાહારી લોકો માત્ર ૫ ટકા જેવા જ રહયા છે અને તે આપણે છીએ... આપણા જેવી **સંસ્કૃતી-ધર્મ** બીજો કોઈ આ વિશ્વમાં નથી તેનું ગૌરવ તો આપણને હોવું જ જોઈએ... પરંતુ મિત્રો આપણને ઘણી કંપનીઓ બહુ સહેલાઈથી છેતરી રહી છે : ગ્રીન માર્ક (૧૦૦ ટકા શુધ્ધ શાકાહારી)ની નીશાની છે. તે જોઈને આપણે નિશ્ચીંત થઈને બહારની વસ્તુ ખાતા હોઈએ છીએ. પરંતુ મિત્રો આ જાણીને તમારા પગ નીચેથી જમીન સરકી જશે... ઘણી કંપનીઓ લગભગ બધી ◙ ગ્રીન માર્કની અંદર મોટા પાયે **ઈંડા-માંસ ત્થા અન્ય નોનવેજ આઈટેમો જેવી કે ગાયની ચરબી, સુવરની ચરબી-બકરીની ચરબી વગેરે મીલાવટ કરી રહયા છે** તેવું તથ્ય લેબોરેટરી ટેસ્ટ દરમીયાન બહાર આવ્યું છે. આ જાણીને તમને આઘાત લાગશે... પરંતુ આ ૧૦૦ ટકા સાચી વાત છે... એક નહીં ૩ લેબોરેટરીમાં ચેક થઈ ગયુ છે. આપણને ધર્મથી ભ્રષ્ટ કરવામાં આવી રહયા છે... માટે આઘાત તો લાગવો જ જોઈએ.

**આઈસ્ક્રીમ, બ્રેડ, પાંવ, કેક, પીઝા ચોકલેટ, બીસ્કીટસ, બટર-પનીર-ચીઝ ઘી લગભગ ઘણી કંપનીના, ખાવાના તેલ-સીંગતેલ- ગ્રીન માર્ક હોવા છતાં ત્થા ૧૦૦ ટકા એગ લેસ લખવા છતાં તેમાં ઈંડા-ગાયની ચરબી-બકરીની ચરબી - સુવરની ચરબી તથા અન્ય નોનવેજ આઈટેમો લેબોરેટરી ટેસ્ટ દરમ્યાનમાં મળી આવેલ છે.**

આપણે આ મહાપાપથી બચી શકીએ છીએ... કાયદો આપણી સાથે છે. જરૂર છે માત્ર આપણે જાગવાની જાગો મિત્રો જાગો... હવે આળસ ના કરશો.

**આપણા ભવિષ્ય માટે - આપણી સંસ્કૃતિ માટે... આપણા ધર્મ માટે. આપણા પોતાના માટે હવે આપણે જાગવું જ પડશે. નહીં તો સંસ્કૃતી-ધર્મ કદાચ આપણી સામે જ લુપ્ત થઈ જશે. તો આજે જ સંકલ્પ કરો... જેમાં માંસાહાર છે તેવા પદાર્થોનુ સેવન આજીવન નહી કરીએ અને નહીં સમાજમાં કોઈને કરવા દઈએ.** માંસાહારના ફળમાં અનેક જન્મો તો બગડે જ છે પરંતુ આ જન્મમાં પણ શારીરીક-માનસીક-કુટુંબીક અનેક પ્રકારના દુઃખો મનુષ્યને ઘેરી લે છે.

અમે આવી કંપની ફરીથી મને-તમને કોઈને ન છેતરે તે માટે જાગૃત થયા છીએ જેમાં **આપની સલાહ ત્થા સહકારની અમને ખાસ જરૂર છે અને અમને વિશ્વાસ છે કે તમે તે આપશો જ.**

આજે જ તમારા મિત્રો કુટુંબી સમાજને આ તથ્ય થી જાગૃત કરો - આની ઝેરોક્ષો કરી મેઈલ, **SMS** દ્વારા કે ડાયરેકટ બધાને મોકલો.

**અનુમોદના કરી મહાપુણ્યને કમાવો અને આજે જ મહાપાપ છોડો.**

**– સંકલન : મોનિક વિનોદ ધરમશી**

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- **AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-**
- **AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-**

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

## મરણ પહેલાનું વસિયતનામું

દરેક વ્યક્તિ પોતાના જીવનકાળ દરમ્યાન સ્થાવર તથા જંગમ મિલ્કતોનું ઉપાર્જન કરતી હોય છે. આયોજનપૂર્વક જીવનાર વ્યક્તિ પોતાના અવસાન પહેલાંજ પોતાની મિલ્કતનું એવું સુંદર આયોજન કરતી જાય છે કે તેની ગેરહાજરીમાં તેનાં વારસદારો પોતાના વડીલોની મિલ્કતોનો કબજો મેળવવા પોતાના આયુષ્યને નિરર્થક વેડફી ન નામે આયોજનપૂર્વક જીવનાર વ્યક્તિ કુટુંબ-સમાજ માટે એક ભવ્ય વારસો મુકતી જાય છે વ્યક્તિ કુટુંબ સમા માટે એક ભવ્ય વારસો મુક્તી જાય ચે જ્યારે બિન આયોજનપૂર્વક જીવનાર વ્યક્તિ જતી વખતે ઘણીવાર કુટુંબ-સમાજ ઉપર એક બોજો છોડતી જાય છે.

વીલમાં સામાન્ય રીતે વ્યક્તિ પોતાની સ્વ ઉપાર્જિત અથવા તો વારસામાં મળેલી કાયદેસરની તમામ સ્થાવર કે જંગમ મિલ્કતો પોતાના મૃત્યુ પછી કોને મળશે તેનું ચોખ્ખું વર્ણન કરે છે.

જો કોઈ વ્યક્તિ વીલ કર્યા વગરજ મૃત્યુ પામે તો તેની મિલ્કતની વહેંચણી તેની ઈચ્છાઓ કે અપેક્ષાઓ મૂજબ નહિં, પરંતુ ઈન્ડિયન સકસેસન એકટ અથવા તો તે જે ધર્મ પાળતો હોય તેના વાસદારીના કાયદાઓ પ્રમાણે કરવામાં આવે છે.

વીલ કર્યા વગર જ મૃત્યુ પામેલી એવી કેટલીય વ્યક્તિઓના દાખલા મોજુદ છે જેમાં સર્વ સંમતિ અથવા સમજણનો અભાવ હોવાથી મૃત વ્યક્તિની મિલ્કતો 'બંળુકાના બે ભાગ'ની જેમજ બળુકો હોય તે દાદાગીરીથી પચાવી પાળે છે. અથવા તો કયારેક કોર્ટ-કમેરીઓ તથા સરકારી દફતરોમાં અટવાઈ જાય છે અને સરવાળે સંપતિ ખોટા હાથોમાં ચાલી જતી હોય ચે.

જે વ્યક્તિની મિલ્કતોનો ફક્ત એકજ વારસદાર હોય તે વ્યક્તિ માટે પણ વીલ કરવું સલાહભર્યું છે, કારણ કે વીલને આધારે તે વ્યક્તિનો વારસદાર, મૃત વ્યક્તિની મિલ્કતો પોતાના નામે ચડાવીને સરળતાથી તેનો કબજો મેળવી શકે છે. અને આ રીતે કોઈ પણ કડાકુટમાંથી બચી જાય છે, તથા પોતાનો સમય, શક્તિ અને પૈસાનો બચાવ કરે છે.

કયાંક વાંચેલું યાદ આવે છે કે...
કોને ખબર મોત હાથવેતમાં છે કે ઉભું છે છેટું,
ક્યારે મળશે તે નજીકથી કોને ખબર કયાં લપાઈ બેહું;
નહિં મળે સમય કદાચ કંઈ કહેવાનો,
તો... તૈયાર કરી લો મરણ પહેલાનું વસિયતનામું !

**— દિનેશ કલ્યાણજી ગોસર**

## મહિલાઓમાં નશાની આદત

પુરુષ સમોવડી થવાની હોડમાં મહિલાઓના જીવનમાં આવેલા પરિવર્તનોમાં એક પરિવર્તન નશાની આદત પણ છે. અન્ય નશાઓ સાથે વિદેશી દારૂની આદત પણ ધીરે ધીરે મહિલાઓમાં જોર પકડી રહી છે અનિ મહાનગરોમાં હવે મહિલાઓ શરાબ પીતે એ સામાન્ય બની ગઈ છે.

આધુનિક સમાજ જે ઝડપે વિકાસ કરી રહયો છે એ ઝડપમાં મહિલાઓ પણ પોતાની રીતે આગળ વધી રહી છે. તેઓ કોઈ પણ ક્ષેત્રમાં પુરુષો કરતાં પાછળ નથી પણ દુઃખદ વાત એ છે કે આ મહિલાઓએ આ ધુનિકતાના નામે કેટલી ખોટી બાબતો પણ અપનાવી લીધી છે. ભારતીય સંસ્કૃતિમાં ન હતી એવી કેટલીક સમસ્યાઓનો ઉમેરો થઈ રહ્યો છે. નશામુક્તિ કેન્દ્રોનો અભ્યાસ કરાયો તો જાણવા મળે છે કે વ્યસન

મુક્તિના દર દસ કેસમાંથી એક કેસ મહિલાઓનો હોય છે અને આજ સ્થિતિ રહેશે તો આવનારા વર્ષોમાં નશો કરતી સ્ત્રીઓની સંખ્યા ઘણી વધી જશે. એક વાત નશો કરવાની આદત પડી જાય પછી એ આદત મોટા ભાગે છૂટતી નથી અને જ્યાં સુધી એકલા હોય ત્યાં સુધી આ આદત એકલા પૂરતી મર્યાદિત હોય છે પણ આવી મહિલાઓ લગ્ન કરે છે ત્યારે તેમની આ આદત દાંપત્યજીવનમાં અનેક પ્રશ્નો ઉભા કરે છે.

મહિલાઓમાં નશાનું પ્રમાણ આશ્ચર્યકારક રીતે કેમ વધી રહ્યું છે ? એના કારણો શોધવા જઈએ તો જાણવા મળે છે કે કેટલાક કિસ્સોઓમાં ફેસન અને સ્ટેટસ, પશ્ચિમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ ક્યારેક માનસિક તાણનાં કારણે મહિલાઓ વ્યસન તરફ ખેચાય છે. કેટલીક પાર્ટીઓમાં સંગીતની ધૂન પર વિદેશી શરાબના જામ લઈને યુવક-યુવતીઓ ઝૂમતી નજરે પડે છે. શરુઆતમાં ફેશન કે સ્ટેટસના નામે શરૂ થઈ જતી વિદેશી શરાબ પીવાની ટેવ પછી લાચારી બની જાય છે.

કેટલીક મહિલાો પોતે વ્યવસાયની ધુરા સંભાળતા હોય છે તેઓ પાર્ટીઓમાં જામ પર જામ છલકાવે છે અને ગૌરવપૂર્વક કહે છે કે અમે પુરુષોથી પાછળ નથી. મહિલાઓ માત્ર વિદેશી દારૂની લતે ચઢી જાય છે એવું નથી કેટલીક મહિલાઓ ડ્રગનો શિકાર બની જાય છે અને પતિને બદલે વ્યસનને પોતાના જીવનસાથી બનાવીલે છે. જોકે એક વાત એ પણ બહાર આવી છે કે મોટા ભાગની અવિવાહીત, છૂટાછેડા લેનાર, કાચી ઉંમરની વિધવા બનનાર કે હોસ્ટલોમાં રહેનાર મહિલાઓમાં નશાનું પ્રમાણ વધારે હોય છે. કેટલાક કિસ્સાઓમાં એવું પણ જોવા મળ્યું છે કે પતિ દારૂની ટેવ ધરાવતો હોય છે અને તે પોતાના ઘરે બેસીને જ દારુ પીતો હોય છે, અને તેના આગ્રહને કારણે પત્ની તેને કંપની આપવા દારુ પીવાની શરૂઆત કરે છે, પણ પછી આ કંપની આપવાની ટેવ કાયમી ટેવ બનીજાય છે અને પછી પતિ ન હોય તો પણ દારુ પીવાની ઈચ્છા કાયમી બની જાય છે.

દુનિયાના તમામ ડોકટરો અને મનોચિકિત્સકો કહે છે કે નશો વ્યક્તિ અને સમાજ બંને માટે ખતરનાક છે. મહિલાઓમાં વ્યસનની ટેવ પરિવાર પર ગંભીર અસરો પાડે છે. નશાથી ગર્ભપાતનો ખતરો, ખોડ-ખાંપણવાળા બાળકો પેદા થવાનો ખતરો, યાદ શક્તિ ઘટવાની સંભાવના, નિર્ણય ઘરવાની શક્યતાઓ અને હૃદયરોગના હુમલા પણ આવે છે. નશાની ટેવોથી સ્વાસ્થ્યને નુકશાન તો થાય છે જ પરંતુ સામજિક પ્રતિષ્ઠા જોખમમાં મુકાય છે અને પારિવારિક પ્રશ્નો પણ ઉભા થાય છે.

મહિલાઓમાં નશાની ટેવ ને કારણે સર્જાતી સૌથી મોટી સમસ્યા દાંપત્યજીવનમાં શરૂવાતમાં કલેશ હોય છે. પુરુષ પોતે દારૂ પીવે છે એ વાતને એ સ્વભાવિક સમજે છે પરંતુ ક્યારેક તેની પત્ની દારૂ પીવે તે સહન કરી શકતો નથી એમ તે બાબત તેને ખુંચવા માંડે છે.

મહિલાઓને પોતાની સમસ્યાઓ દુર કરવા માટે રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ. એકલપણાથી છૂટકારો મેળવવા માટે સારા પુસ્તકો વાંચવા જોઈએ. તણાવમાંથી મુક્તિ મેળવવા માટે યોગાસનો કે વ્યાયામનો સહારો લેવો જોઈએ. નશો એ આધુનિકતાનું પ્રતીક પણ નથી કે કોઈ યોગ્યતા પણ નથી આધુનિક દેખાવવા માટે નશો કરવો જરૂરી નથી.

સાચીવસ્તુ તો એ છે કે નશાથી દૂર રહેવું જોઈએ અને જો કોઈ સ્થિતિમાં નશો કરવાની ટેવ પડી જાય છે તો જેમ બને તેમ જલ્દી નશામુક્તિ કેન્દ્રનો સંપર્ક કરી નશામાંથી મુક્તિ મેળવવાના પ્રયાસ શરૂ કરી દેવા જોઈએ. આ પણ એક બિમારી છે, માટે વિના સંકોચે નશામુક્તિ નિષ્ણાંતોની મદદ લેવી જોઈએ જેવી પોતાનું અને સમાજનું કલ્યાણ થશે.

**– જયાબેન મગનલાલ મારુ**

## મેડિક્લેઈમ પોલિસીના ચોક્કસ ફેરફારને સમજી લો !

**તમારા મોબાઈલમાં મેડિક્લેઈમ પોલિસીના નંબર સહિત ટીપીએનો નંબર નોંધી રાખવો જરૂરી**

તમે મેડિક્લેઈમ પોલીસી ધરાવતા જ હશો. તેમાં પણ મોટે ભાગે તમારી પાસ ધ ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ લિ.ની જ પોલિસી હશે. હવેના સમયમાં ખાનગી ક્ષેત્રની કંપનીઓ પણ આ ક્ષેત્રે સક્રિય બનવાથી સ્પર્ધા પણ વધતી રહી છે અને સ્પર્ધાને કારણે ફેરફાર પણ આવતા રહે છે. તાજેતરમાં ઈરડા (ઈન્સ્યુરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીઝ) તરફથી તમામ ઈન્સ્યુરન્સ કંપનીઓ પર નવા નિયમો લાગુ કરાયા છે. આ વિષયમાં મેડિક્લેઈમનો મામલો સમજવો વધુ જરૂરી છે, કેમ કે તે વ્યક્તિની માંદગી અને તેના ખર્ચ સાથે સીધો સંબંધ ધરાવતો હોવાથી તેની સંવેદનશીલતા વધી જાય છે, હવે સારવાર ખર્ચ પણ નોંધપાત્ર વધી રહ્યા છે ત્યારે આ મામલે પ્રોપર ફાઈનાન્સીયલ પ્રોટેકશન મેળવી-સમજી લેવું પરિવારની હેલ્થ અને વેલ્થ બન્ને માટે ઉપયોગી છે.

આપણે વિશેષ કરીને ધ ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સની મેડિક્લેઈમ પોલીસી વિશે વાત કરીએ. કારણ કે તેમાં હાલ બે પ્રકારની પોલિસી છે. એક વર્ષ ૨૦૦૭ની અને બીજી વર્ષ ૨૦૧૨ની. કહેવાય છે, જે કે તે ૧-૮-૨૦૧૩ થી લાગુ થઈ છે. હવે જ્યારે પણ કોઈ પોલિસી ધારક સામે રિન્યુઅલનો સમય આવે છે ત્યારે તેનો એજન્ટ કે કંપની તેને પુછે છે કે તમારે વર્ષ ૨૦૦૭ની ઓફર પ્રમાણે પોલિસી ચાલુ રાખવી છે કે વર્ષ ૨૦૧૨ મુજબની ? આમ તો આ બંનેના પ્રીમિયમ વધારી દેવાયા છે, કિંતુ તે વધેલા પ્રીમિયમની રકમ બંનેની સરખી છે. આમ પ્રિમીયમ સમાન હોવો છતાં તેના અન્ય કેટલાંક નિયમોના ફરક સમજી લેવા જોઈએ.

વર્ષ ૨૦૦૭ની મેડિક્લેઈમ પોલીસી મુજબ વ્યક્તિ બિમાર પડીને હોસ્પિટલમાં દાખલ થાય તો તેના દાખલ થયાના સાત જ દિવસમાં થર્ડ પાર્ટી એજન્સી (ટીપીએ)ને તેની જાણ થઈ જવી જરૂરી બને છે, જ્યારે કે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લીધાના ૩૦ દિવસની અંદર પોલિસી ધારક દર્દીની સંપૂર્ણ વિગતો સાથેની ફાઈલ (હોસ્પિટલના બિલ્સ, સારવારની વિગતો વગેરે) ટીપીએને પહોંચી જવી જોઈએ. પરંતુ હવે નવી પોલિસીમાં આ મામલે સમયમાં નોંધપાત્ર ઘટાડો કરી દેવાયો છે. એક, **તમારે હોસ્પિટલમાં દાખલ થયાના ૨૪ કલાકમાં જ ટીપીએને જાણ કરી દેવાની રહે છે, જ્યારે ડિસ્ચાર્જ લીધાના સાત જ દિવસમાં તમારી ફાઈલ ટીપીએને પહોંચી જવી જોઈશે.** મોટાભાગની પ્રાઈવેટ કંપનીઓ આટલો જ સમય આપે છે. જો કે ૨૪ કલાકમાં ટીપીએને ઈન્ફોર્મ કરી દેવાની શરત થોડી આકરી કહેવાય. ખૈર, આ કામ હવે ટેકનોલોજીના જમાનામાં ઝડપથી કરવું અઘરૂં નથી. આ માટે સરળ-સ્પષ્ટ માર્ગ સમજાવતા સર્ટિફાઈડ ફાઈનાન્સીયલ પ્લાનર અને ઈન્સ્યુરન્સનું કામકાજ કરતા એક કન્સલટન્ટ કહે છે કે, તમે તમારા મોબાઈલમાં ટીપીએનો ટેલીફોન નંબર અને પોલિસીનો નંબર મેડિક્લેઈમના નામે નોંધી રાખો. પરિવારની હોસ્પિટલમાં દાખલ થયેલી વ્યક્તિ સહિત અન્ય નજીકના સભ્યોના મોબાઈલમાં પણ આ નંબર નોંધી રાખવા આવશ્યક છે. જેથી ૨૪ કલાકની ડેડલાઈનને તમે પાળી શકો. આ ટીપીએને ફોનથી જણાવવા ઉપરાંત તેને વિકલ્પ તરીકે મેઈલ પણ કરી શકો છો, તમારા ફોન કે મેઈલ સામે ટીપીએ તમને રિકવેસ્ટ કે ઈન્ટીમેશન નંબર આપશે, જે તમારા એજન્ટને આપી રાખવો તેમ જ કલેઈમ માટે. સાચવી રાખવો અને જ્યારે ફાઈલ સુપરત કરો ત્યારે એ નંબર જણાવવાનો રહે છે. આ ફાઈલ ડિસ્ચાર્જના સાત દિવસમાં ટીપીએને પહોંચતી કરવાની હોવાથી તે તમારા એજન્ટને બે કે ત્રણ દિવસમાં પહોંચાડી રાખો, કેમ કે એજન્ટ તમારી ફાઈલમાં યોગ્ય દસ્તાવેજો છે કે નહીં તેને ચકાસણી કરી શકે અને તેમાં કોઈ ફેરફાર કરાવવા હોય તો તેની પાસે એ માટે સમય રહે, કારણ કે એ ટીપીએ પાસે ગયા બાદ દસ્તાવેજો યોગ્ય ન નીકળે તો ક્લેઈમમાં મુશ્કેલી ઉભી થઈ શકે છે. આ કાર્ય સમયમર્યાદામાં કરવાનું છે. પણ તે પરફેક્ટ થાય એ જરૂરી છે.

વર્ષ ૨૦૦૭ની પોલિસીમાં ધારકને દર વરસેનો ક્લેઈમ (કોઈ ક્લેઈમ ન કરે તો) અસ્યોર્ડ રકમના પાંચ ટકા બોનસ અપાતું હતું, દા.ત. તમારી પોલિસી રૂ. પાંચ લાખની હોય તો તમારા નો ક્લેઈમ પર દર વરસે પાંચ ટકાના હિસાબે ૨૫ હજાર જમા થાય, જેથી તમારો દાવો રૂ. પાંચ લાખ પ્લસ ૨૫ હજારનો થઈ જાય. આવું જો કે માત્ર પાંચ વરસ જ થઈ શકે, હવે વર્ષ ૨૦૧૨ની પોલિસીમાં આ બોનસ રદ કરી દઈને તેની સામે ડિસ્કાઉન્ટ ઓફર કરાયું છે. અર્થાત તમે કોઈ ક્લેઈમ ન કરો તો દર વરસે પ્રીમિયમની રકમ પર બે ટકાનું ડિસ્કાઉન્ટ મળે. આ સુવિધા માત્ર છ વરસ મળે છે. જેમાં ૨ થી ૧૦ ટકા સુધીનું ડિસ્કાયઉન્ટ ઉપલબ્ધ થાય છે. સિનિયર સિટિઝન્સ માટે આ ડિસ્કાઉન્ટ ૩ થી ૧૫ ટકા સુધીનું ઓફર કરાયું છે. આમ નો ક્લેઈમ પર ધારકનો પ્રીમિયમ બોજ ઘટે છે. આ વિષયમાં ઘણી જોગવાઈઓની બારીકી તમારા એજન્ટ પાસેથી સમજી લેવામાં પણ સાર છે.

— સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**




**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

**ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.**

**નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯**

(જા.ખ.)

|| Jai Mahaveer ||

***Wish you all a very Happy Holi & Gudi Padva Festival***

**"Naman Construction Solutions"**

A Name for all your water proofing needs, where treatment is done by Nano Technology Products with the help of Skilled and efficient workers. All you need is to contact us.

We also undertake painting and colouring assisgnments for Flats, Offices and other commercial establishments.

Contact

**Mr. Vardhaman Shah**

Cell No. 98853 41835

(Remember : A stitch in time saves nine)

(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા રેલ્વેસ્ટેશનથી ટ્રેન દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનું આયોજન રહેશે. જેનો પણ નકરો વ્યક્તિ દીઠ રૂ.૫૦/- માત્ર છે.

ભાવિકોને વધુથી વધુ સંખ્યામાં લાભ લેવા આગ્રહભરી વિનંતી છે.

શ્રી સંઘ માટે વિશ્વાસ અને લાગણી દિવસે દિવસ વધતી જાય છે. શ્રી સંઘમાં ચાલતી પ્રવૃતીઓમાં ઉમેરો થાય માટે સુઝાવો મળી રહયા છે. અનુકુળતા મુજબ સુઝાવોનો યોગ્ય અમલ કરવા માટે શ્રી સંઘ પ્રયત્નશીલ છે.

આજીવન સભ્યપદનો પ્રવેશ પૂરજોષમાં ચાલી રહેલ છે. રૂા. ૫૦૧/- સભ્યપદ ફી ભરી આપશ્રી પણ આજીવન સભ્ય બની શ્રી સંઘ સાથે જોડાઈ શકો છો. આજીવન સભ્યોને એમની જ્યારે પણ ઈચ્છા હોય ત્યારે શ્રી કુલપાકજી યાત્રામાં જોડાઈ શકે છે.

શ્રી સંઘના સાધારણ ખર્ચને પહોંચી વળવા રૂા. ૧૧૧૧/- ના સંકલ્પ અનુદાન પત્રો શ્રી સંઘે બહાર પાડયા છે. જેનો વિતરણ શ્રી સંઘ દ્વારા કરવામાં આવે છે. આપણા જીવનના શુભપ્રસંગોએ તથા વડિલોના સ્મરણોમાં આ અનુદાન પત્રો લઈ આપશ્રી આપણા જીવનની પળો વિશેષ યાદગાર બનાવી શકો છો. સંકલ્પ અનુદાન પત્રોની રકમ ફીક્સ ડિપોઝીટમાં રાખી એના આવેલ વ્યાજમાંથી શ્રી સંઘ સાધારણ ફંડનો ખર્ચ કરે છે.

શ્રી સંઘમાં ખંતીલા કાર્યકર્તાઓની ટીમ વધી રહી છે. કોઈ પણ સ્વાર્થ વિના ધર્મ આરાધના કરવાનો એમનો લક્ષ્ય હોય છે. આ પ્રવહ એવોજ ચાલુ રહ્યો તો એ દિવસ દૂર નથી જ્યારે દુનિયામાં આપણો આ શ્રી સંઘ સૌથી શક્તિશાળી પૂરવાર થશે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર** (હ્રૌ.જૂ.)